### પાછલા ૩૦ દિવસથી ઉભરાતી ગટરોના ગંદા પાણી અને દુર્ગંધથી પ્રજા ત્રાહિમામ પોકારી

# પાદરાના વોર્ડ નં. ૭ માં નર્કાગાર જેવી સ્થિતિમાં રહેવા રહીશો મજબૂર

વારંવાર રજૂઆતો છતાં પાદરા નગરપાલિકાના આંખ આડા કાન, રોગચાળો ફેલાય તો જવાબદાર કોણ?



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૬

પાદરા નગરપાલિકાના વહીવટી તંત્રની ઉદાસીનતા અને બેદરકારીના કારણે વોર્ડ નંબર ૭ ના રહીશો હાલ ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. છેલ્લા એક મહિનાથી આ વિસ્તારમાં ગટર ઉભરાવવાની સમસ્યા યથાવત છે, છતાં સત્તાધીશો દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી ગટરના ગંદા પાણી રસ્તા પર ફરી રહ્યા છે, જેના કારણે ચારેય તરફ ગંદકી અને ભારે દુર્ગંધ ફેલાયેલી રહે છે. રસ્તા પર ભરાયેલા ગંદા પાણીમાંથી પસાર થવું રહીશો માટે મુશ્કેલ બન્યું છે. ખાસ કરીને નાના બાળકો અને વરિષ્ઠ નાગરિકોના સ્વાસ્થ્ય પર ગંભીર જોખમ ઊભું થયું છે. ગંદકીના કારણે મચ્છરોના ઉપદ્રવમાં વધારો થયો છે અને જીવલેણ બીમારીઓ ફેલાવાની દહેશત સેવાઈ રહી છે. આ ગંભીર સમસ્યા અંગે સ્થાનિકો દ્વારા અગાઉ અનેક વખત જવાબદાર કોર્પોરેટરો અને નગરપાલિકાના અધિકારીઓને રૂબરૂ તેમજ લેખિત રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં, તંત્ર દ્વારા માત્ર ખોટા આશ્વાસનો આપવામાં આવ્યા છે પરંતુ ગટર સમસ્યાનું કોઈ કાયમી નિરાકરણ લાવવામાં આવ્યું નથી. સ્થાનિકોના જણાવ્યા મુજબ અમે એક મહિનાથી સતત રજૂઆતો કરી રહ્યા છીએ, તો પછી અમારી સમસ્યાનું વહેલી તકે નિરાકરણ કેમ લાવવામાં આવતું નથી ? કરદાતા પ્રજા પાયાની સુવિધાઓથી વંચિત રહીને નરક જેવું જીવન જીવવા મજબૂર બન્યા છે. હવે જોવું એ રહ્યું કે પાદરા નગરપાલિકાનું તંત્ર અને જવાબદાર અધિકારીઓ ક્યારે ઊંઘમાંથી જાગશે અને આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા તાત્કાલિક ધોરણે ક્યારે કાર્યવાહી કરશે.

## વડોદરામાં 11 સ્થળે 'આશીર્વાદનો દીવડો', 19 વોર્ડમાં રક્તદાન શિબિર

વડોદરા : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે તથા ભાજપ દ્વારા જાહેર કરાયેલા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વડોદરા મહાનગર ભાજપ દ્વારા 17 સપ્ટેમ્બરે શહેરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યમાં 17 સપ્ટેમ્બરથી 17 ઓક્ટોબર દરમિયાન આવા કાર્યક્રમો યોજાવાના અહેવાલો છે. શહેરમાં કુલ 11 સ્થળોએ 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમ યોજાશે. સુરસાગર તળાવ ખાતે આશરે 76 હજાર દીવડા પ્રગટાવવાનું આયોજન છે. ભાજપના શહેર પ્રમુખ ડો. જયપ્રકાશ સોની અને મેયર ગીતાબેન મકવાણા અહીં ઉપસ્થિત રહેશે. ભીડભંજન હનુમાન મંદિર ખાતે 5 હજાર દીવડા, જ્યારે એમ.એસ. યુનિવર્સિટી ખાતે 2 હજારથી વધુ દીવડા પ્રગટાવવાનું આયોજન કરાયું છે. આ ઉપરાંત સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વડોદરા શહેરના તમામ 19 વોર્ડમાં રક્તદાન શિબિરનું આયોજન કરાયું છે.

### વડોદરાના ઇલોરાપાર્ક વિસ્તારમાં ચોંકાવનારી ઘટના

# ચાલતી ઓટો રિક્ષાના ડેશબોર્ડમાંથી અચાનક સાપ નીકળતા ઉહાપોહ

ચાલકે સમયસૂચકતા વાપરીને રિક્ષા સાઇડમાં ઊભી કરી દેતા ટળી મોટી દુર્ઘટના



(પ્રતિનિધિ) વડોદરા, તા.230

શહેરમાંથી એક અત્યંત ચોંકાવનારી અને ડરાવી દે તેવી ઘટના સામે આવી છે, જેમાં રોજિંદા જીવનની જેમ પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા માટે ઓટો રિક્ષા લઈને નીકળેલા એક ચાલકની રિક્ષામાંથી અચાનક જીવનું જોખમ ઊભું થાય તેવો બનાવ બન્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, કિરણભાઈ ચૌહાણ નામના ઓટો રિક્ષા ચાલક પોતાની રિક્ષા લઈને શહેરના વ્યસ્ત ઈલોરાપાર્ક વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા. તેઓ ઈલોરા પાર્ક ત્રણ રસ્તા પાસેથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન અચાનક રિક્ષાના સ્ટેરિંગ નજીક આવેલા ડેશબોર્ડમાંથી એક સાપ બહાર ડોકિયું કરતા દેખાયો હતો. ચાલતી રિક્ષામાં અચાનક સાપ નજરે પડતા કિરણભાઈ ગભરાઈ ગયા હતા. ચાલતી રિક્ષામાં સાપ નીકળવા છતાં કિરણભાઈએ ઉત્સાહ કે ગભરાહટમાં કાબૂ ગુમાવવાને બદલે ઉત્તમ સમયસૂચકતા દાખવી હતી. તેમણે ત્વરિત પગલું ભરીને રિક્ષાને રસ્તાની સાઈડ પર સલામત રીતે ઊભી કરી દીધી હતી. રિક્ષા થંભી ગયા બાદ તેમણે તાત્કાલિક સ્નેક રેસ્ક્યુ ટીમનો સંપર્ક સાધીને મદદ માંગી હતી. ચાલતી રિક્ષામાંથી અચાનક સાપ નીકળવાની આ ઘટનાને પગલે રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ અને આસપાસના લોકોમાં પણ થોડા સમય માટે ભય અને અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો. લોકો મોટી સંખ્યામાં આસપાસ એકઠા થઈ ગયા હતા. હાલ રાજ્યમાં ચોમાસાની સિઝન ચાલી રહી છે, જેના કારણે શહેરી વિસ્તારોમાં વિવિધ સ્થળોએથી સાપ તથા અન્ય ઝેરી વન્યજીવો અને જીવજંતુઓ બહાર નીકળવાના બનાવો મોટા પ્રમાણમાં સામે આવી રહ્યા છે.

### જય થડેશ્વરએ સિગ્મા યુનિવર્સિટીમાં યુવા પ્રતિભાઓ સાથે સંવાદ સાધ્યો

# સિગ્મા યુનિવર્સિટીમાં જય થડેશ્વરનો યુવા પ્રતિભાઓ સાથે સંવાદ




(પ્રતિનિધિ) વડોદરા, તા.30

સિગ્મા યુનિવર્સિટી ખાતે ઉદ્યોગસાહસિક, રોકાણકાર, પોડકાસ્ટર અને 'ધ જય થડેશ્વર શો'ના હોસ્ટ જય થડેશ્વર સાથે વિદ્યાર્થીઓ માટે વિશેષ સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓને તેમની ઉદ્યોગસાહસિક સફર વિશે જાણવાની તેમજ પોતાના સ્ટાર્ટઅપ વિચારો રજૂ કરવાની તક મળી હતી. મુલાકાત દરમિયાન જય થડેશ્વરએ વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ સાધી તેમના વિવિધ સ્ટાર્ટઅપ આઈડિયા, મહત્વાકાંક્ષાઓ અને પડકારો વિશે માહિતી મેળવી હતી. તેમણે વિચારોને સફળ વ્યવસાયમાં પરિવર્તિત કરવા માટે વ્યવહારુ અભિગમ, પડકારોનો સામનો કરવા, ગણતરીપૂર્વક જોખમ લેવા અને સતત શીખતા રહેવાના મહત્વ અંગે પોતાના અનુભવો વહેંચ્યા હતા. આ પ્રસંગે યુનિવર્સિટી ખાતે ગણપતિ આરતીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જય થડેશ્વરએ યુનિવર્સિટી પરિવાર સાથે આરતીમાં જોડાઈ ભગવાન શ્રી ગણેશના આશીર્વાદ મેળવ્યા હતા. આરતી બાદ યોજાયેલા ઈન્ટરેક્ટિવ સેશનમાં વિદ્યાર્થીઓએ પ્રશ્નો પૂછ્યા, વિચારોની આપ-લે કરી અને પોતાના સ્ટાર્ટઅપ વિચારો અંગે માર્ગદર્શન મેળવ્યું હતું.

### ચુનારાવાસના રહીશો નરકાગારમાં જીવવા મજબૂર

# નિયમિત સફાઈ અને પૂરતું પાણી ન મળતા સ્થાનિકો એકઠાં થયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ અને સુવિધાજનક બનાવવાના મોટા મોટા દાવાઓ કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા કાંઈક જુદી જ ચિતાર રજૂ કરી રહી છે. શહેરના વોર્ડ નંબર-૧૪ માં આવેલા ચુનારાવાસ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી પ્રાથમિક સુવિધાઓનો ઘોર અભાવ જોવા મળી રહ્યો છે. ડ્રેનેજ ઉભરાવાની સમસ્યા, અસ્વચ્છતા તેમજ પીવાના ચોખ્ખા પાણીની અછતને કારણે સ્થાનિક રહીશોનું જીવવું દુષ્કર બની ગયું છે. તંત્રના નિષ્ક્રિય વલણથી કંટાળેલા રહીશોએ આજે સ્થાનિક કાઉન્સિલર સમક્ષ જઈને ઘેરાવો કરી ઉગ્ર રજૂઆત કરી હતી. મળતી માહિતી મુજબ, ચુનારાવાસ



વિસ્તારમાં સામાજિક કાર્યકરની આગેવાની હેઠળ એકઠા થયેલા સ્થાનિક રહીશોએ વોર્ડ નંબર-૧૪ ના કાઉન્સિલર તીર્થ બ્રહ્મભટ્ટને મળી પોતાની વેદના ઠાલવી હતી. રહીશોએ આક્ષેપ કર્યો હતો કે વિસ્તારમાં અવારનવાર ડ્રેનેજ લાઈનો ઉભરાઈ જાય છે, જેના કારણે ગંદુ પાણી રસ્તાઓ પર ફરી વળે છે. મહાનગરપાલિકા દ્વારા ડ્રેનેજની સફાઈ નિયમિતપણે કરવામાં આવતી ન હોવાના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે ગંદકી અને દુર્ગંધનું સામ્રાજ્ય સ્થપાયું છે. ગંદકીના કારણે રોગચાળો ફાટી નીકળવાનો ભય પણ સ્થાનિકોમાં સેવાઈ રહ્યો છે. આ ઉપરાંત, વિસ્તારના લોકોને પીવાનું પૂરતું અને ચોખ્ખું પાણી પણ ન મળતું હોવાની ગંભીર ફરિયાદ રહીશોએ કરી છે. દૂષિત પાણી અને પાણીની અછતના કારણે મહિલાઓને રોજિંદા કામકાજમાં ભારે હાલાકી વેઠવી પડે છે. સ્થાનિક રહીશોએ રોષપૂર્વક જણાવ્યું હતું કે, જ્યારે પણ તેઓ પોતાની સમસ્યાઓ અંગે તંત્ર સામે વિરોધ પ્રદર્શન કે આંદોલન કરે છે, ત્યારે મહાનગરપાલિકાનું તંત્ર માત્ર હંગામી ધોરણે સમારકામ કે સફાઈ કરીને કામ પતાવી દે છે. તંત્ર દ્વારા કરવામાં આવતો આ હંગામી ઉકેલ થોડા જ દિવસોમાં નિષ્ફળ નીવડે છે અને પરિસ્થિતિ ફરીથી 'જૈસે થે' થઈ જાય છે.

## પૂર્વ વિભાગ માટે રાષ્ટ્રીય પેન્શન અદાલત યોજાશે

( પ્રતિનિધિ ) વડોદરા, તા.16

રાષ્ટ્રીય પેન્શન અદાલત તા. 24 ના રોજ સાંજે 04:00 કલાકે પ્રવર અધિક્ષક ડાકઘર, વડોદરા પૂર્વ વિભાગ, બીજો માળ, વડોદરા હેડ પોસ્ટ ઓફિસ બિલ્ડીંગ, રાવપુરા ખાતે યોજાશે. આ અદાલતનો મુખ્ય હેતુ પેન્શનરોને પડતી મુશ્કેલીઓ જેવી કે પેન્શન ચુકવણીમાં વિલંબ, હિસાબમાં ભૂલ, કે અન્ય વહીવટી પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ લાવવાનો છે. જોકે, આ અદાલતમાં ફક્ત રાષ્ટ્રીય પેન્શનને લગતા પ્રશ્નો જ લેવામાં આવશે અને તેમાં પણ નીતિ વિષયક મુદ્દાઓને બાદ રાખવામાં આવ્યા છે. ટપાલ વિભાગે જણાવ્યું છે કે જે પેન્શનરોને પોતાની ફરિયાદ રજૂ કરવી હોય, તેમણે પોતાની લેખિત ફરિયાદ જરૂરી આધાર-પુરાવા સાથે તારીખ 21 સુધીમાં ઉપરોક્ત સરનામે રૂબરૂ અથવા ટપાલ દ્વારા પહોંચાડવાની રહેશે. નિર્ધારિત સમયમર્યાદા બાદ મળેલી કોઈપણ ફરિયાદ આ અદાલતમાં ધ્યાનમાં લેવામાં આવશે નહિ. આ અદાલત ફક્ત વડોદરા પૂર્વ વિભાગના પેન્શનરો પૂરતી જ મર્યાદિત છે.

### લાઇન શિફ્ટિંગનું પ્લાનિંગ કર્યા વિના જ વર્ક ઓર્ડર આપી દેવાયો?

# વૃંદાવન-ખોડિયાર નગર ઓવરબ્રિજનું કામ સમયમર્યાદા બાદ પણ અધૂરું

(પ્રતિનિધિ) વડોદરા, તા.30



સ્માર્ટ સિટી બનાવવાની ગુલબાંગો વચ્ચે વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં કરોડો અને અબજો રૂપિયાના ખર્ચે વિવિધ વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે. પરંતુ પાલિકાના આયોજન વગરના અને ધીમી ગતિએ ચાલતા કામોને કારણે હાલમાં સ્થાનિક નાગરિકો અને વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ખાસ કરીને શહેરના વૃંદાવન ચાર રસ્તા અને ખોડિયાર નગર વિસ્તારમાં બની રહેલા ઓવરબ્રિજની કામગીરી નિર્ધારિત સમયમર્યાદા પૂરી થયા પછી પણ અટવાઈ પડી હોવાથી વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. બ્રિજની કામગીરી વિલંબિત થવા પાછળ તંત્ર અને કોન્ટ્રાક્ટરની ગંભીર ક્ષતિ સામે આવી છે. મળતી માહિતી અનુસાર, બ્રિજ નિર્માણના વિસ્તારમાંથી જેટકોની હાઈ-ટેન્શન વીજ લાઇન પસાર થાય છે. આ લાઈનને ખસેડવાની કરવાની કામગીરીમાં લાંબો સમય વિતી જતાં આખો બ્રિજ પ્રોજેક્ટ ખોરવાઈ ગયો છે. અત્રે સવાલ એ ઊભો થાય છે કે શું કામગીરી શરૂ કરતા પહેલા પાલિકાના જવાબદાર અધિકારીઓને અહીંથી જેટકોની લાઇન પસાર થાય છે તેની જાણ નહોતી? યોગ્ય પ્લાનિંગ અને પૂર્વ-ચકાસણી વગર જ કોન્ટ્રાક્ટરને વર્ક ઓર્ડર શા માટે આપી દેવામાં આવ્યો? સૌથી વધુ ચોંકાવનારી બાબત એ છે કે નિર્ધારિત સમયસીમા વિતી ગયા બાદ પણ ધીમી ગતિએ કામ કરનાર બેદરકાર ઈજારદાર સામે તંત્ર દ્વારા કોઈ નક્કર દંડ કે પેનલ્ટીની કાર્યવાહી કરવામાં આવી નથી. કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની મિલીભગત અને ઉદાસીનતા સામે પણ હવે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.

### કાયદાના ડર વગર રસ્તાઓ પર લારી-પથારાનો જમાવડો

# વડોદરા કોર્પોરેશન કચેરી નીચે જ દબાણોનો ખડકલો

(પ્રતિનિધિ) વડોદરા, તા.16



સંસ્કારી નગરી વડોદરામાં વડોદરા મહાનગરપાલિકા અને પોલીસ તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. શહેરના અત્યંત ધમધમતા અને વહીવટી મથક સમાન ખંડેરાવ માર્કેટ ચાર રસ્તાથી ગુરુદ્વારા તરફ જતા મુખ્ય માર્ગ પર ગેરકાયદે લારીઓ અને પથારાવાળાઓએ અડ્ડો જમાવી દીધો છે. આશ્ચર્યની વાત તો એ છે કે, આ જ માર્ગ પર મહાનગરપાલિકાની મુખ્ય કચેરી આવેલી છે, છતાં પણ તંત્રની નાકની નીચે જ ટ્રાફિક અને દબાણની ગંભીર સમસ્યા સર્જાઈ રહી છે. સ્થાનિક વાહનચાલકો અને રહીશોના જણાવ્યા અનુસાર, નગરપાલિકાના દબાણ હટાવ શાખા અને ટ્રાફિક પોલીસ દ્વારા અવારનવાર આ માર્ગ પર દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. પરંતુ આ કાર્યવાહી માત્ર 'કાગળ પર' અથવા તો 'દર્શાવવા પૂરતી' જ સાબિત થઈ રહી છે. જ્યારે પણ પોલીસ કે કોર્પોરેશનની ટીમ દબાણ હટાવવા માટે પહોંચે છે, ત્યારે થોડા સમય માટે માર્ગ ખુલ્લો અને સાફ નજરે પડે છે. પરંતુ દબાણ વિરોધી ટુકડી ત્યાંથી રવાના થાય કે ગણતરીની મિનિટોમાં જ ફૂટની લારીઓ અને પથારાવાળાઓ ફરીથી રસ્તાની વચ્ચોવચ ગોઠવાઈ જાય છે. ખંડેરાવ માર્કેટ વિસ્તારમાંથી દરરોજ શહેરના મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, મ્યુનિસિપલ કમિશનર સહિતના ઉચ્ચ હોદ્દેદારો અને અધિકારીઓની ગાડીઓ પસાર થાય છે. રોજિંદા ધોરણે આ માર્ગ પરથી પસાર થવા છતાં અને પરિસ્થિતિથી પૂરેપૂરા વાકેફ હોવા છતાં, કોઈ કાયમી નિકાલ લાવવા માટે નક્કર પગલાં ભરવામાં આવતા નથી.

# વિશ્વકર્મા કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટીની ૪૮મી સાધારણ સભા સંપન્ન

વડોદરા : શ્રી વડોદરા જિલ્લા વિશ્વકર્મા કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લિમિટેડની 48મી સાધારણ સભા તાજેતરમાં યોજાઈ હતી. સભામાં સંસ્થાના હોદ્દેદારો, સભ્યો તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ઠાકોર મિસ્ત્રી સાથે સંસ્થાના પ્રમુખ આશિષ સુથાર, મંત્રી સંજય ગજ્જર, રમેશચંદ્ર મિસ્ત્રી અને ધવલ મિસ્ત્રી સહિતના હોદ્દેદારો દશ્યમાન થયા હતા. સાધારણ સભામાં ગત સભાની કાર્યવાહીનું



પ્રોસીડિંગ રજૂ કરવામાં આવ્યું હતું. તેમજ સંસ્થાના હિસાબો સભા સમક્ષ વંચાણે લેવામાં આવ્યા હતા, જેને સભ્યો દ્વારા ચર્ચા બાદ મંજૂર કરવામાં આવ્યા હતા. સભા દરમિયાન સંસ્થાની કામગીરીને વધુ સુદ્રઢ બનાવવા અંગે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ખાસ કરીને શેર ભંડોળમાં વધારો કરવા, ફરજિયાત બચતની પ્રવૃત્તિને વધુ અસરકારક બનાવવા તેમજ સભ્યોને આપવામાં આવતી ધિરાણ સુવિધાઓને વેગવંતી બનાવવા અંગે વિચારવિમર્શ થયો હતો. સંસ્થાના સભ્યોના હિતને ધ્યાનમાં રાખીને ભવિષ્યમાં આર્થિક પ્રવૃત્તિઓને વધુ વિસ્તૃત કરવા અને સહકારી ક્ષેત્રે સંસ્થાની કામગીરીને મજબૂત બનાવવાના મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

## વિશેષ સતર્કતા અભિયાન હેઠળ વિજિલન્સ અધિકારીઓએ લીધી વડોદરા મંડળની મુલાકાત

વડોદરા : કેન્દ્રીય સતર્કતા આયોગના નિર્દેશ પર ચાલી રહેલા ત્રણ મહિનાના વિશેષ સતર્કતા અભિયાન અંતર્ગત પશ્ચિમ રેલવેના વરિષ્ઠ ઉપ મહાપ્રબંધક અને મુખ્ય સતર્કતા અધિકારી નરેન્દ્ર પાટીલના નેતૃત્વમાં વિજિલન્સ અધિકારીઓની ટીમે વડોદરા મંડળ કાર્યાલયની મુલાકાત લીધી હતી.મંડળ રેલ પ્રબંધક રાજુ ભડકેની ઉપસ્થિતિમાં કોન્ફરન્સ હોલ ખાતે મંડળના અધિકારીઓ અને સિનિયર સુપરવાઈઝરો સાથે સંવાદ બેઠક યોજાઈ હતી.


**વડોદરા મહાનગરપાલિકા**

www.vmc.gov.in

**ટેન્ડર નોટીસ**

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૪૦૧/૨૬-૨૭ | સયાજીબાગ ઝૂ | ૦૧ | ૪૦,૦૦,૫૦૦/- |
| ૨ | ૪૦૨/૨૬-૨૭ | રોડ પ્રોજેક્ટ | ૦૧ | ૧,૨૫,૦૦,૦૦૦/- |
| ૩ | ૪૦૩/૨૬-૨૭ | પા.પુ.(વિતરણ) | ૦૧ | ૭૫,૦૦,૦૦૦/- |
| ૪ | ૪૦૪/૨૬-૨૭ | વ્હીકલપુલ શાખા | ૦૯ | ૪,૩૫,૯૫૩/- |
| ૫ | ૪૦૫/૨૬-૨૭ | અગ્નિશમન અને તાત્કાલિક સેવા વિભાગ | ૧૫ | ૬,૬૦,૮૨૭/- |

**નોંધ: અ.નં.૧,૨ અને ૩ ની જાહેરાત ઇ-ટેન્ડરીંગની છે.**

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૪૦૬/૨૦૨૬-૨૭ — જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત


## વડોદરા એરપોર્ટ વિસ્તારમાં સોલાર પેનલ અને હાઈટને લઈ મહત્વની બેઠક

વડોદરા : વડોદરા એરપોર્ટ ખાતે હાઈટ અને સોલાર પેનલ સ્થાપનને લઈ એરપોર્ટ ઓથોરિટી અને સોલાર પેનલ એસોસિએશન વચ્ચે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. એરક્રાફ્ટ ઓપરેશનમાં કોઈ અવરોધ ન સર્જાય તે માટે એનઓસીની પ્રક્રિયા અંગે સંચાલકોને માર્ગદર્શન અપાયું હતું.વડોદરા એરપોર્ટ ડાયરેક્ટર એમ.એસ. આઈ. દાઉદે જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષથી આ મામલે રજૂઆત કરાઈ છે. વીએમસી બાંધકામ પરવાનગી આપે છે પરંતુ સોલાર પેનલને કારણે લાઈટ લગાવી શકાતી નથી. હાલ રેડ ઝોનમાં આવેલા મોટા મકાનો પર લાગેલી સોલાર પેનલને કારણે મોટા એરક્રાફ્ટને લેન્ડિંગમાં મુશ્કેલી પડી રહી છે, તેથી તેને દૂર કરવી પડશે. બેઠકમાં રનવેના એપ્રોચ એરિયા અને રેડ ઝોન નજીક સોલાર પેનલ લગાવતી વખતે કઈ પ્રક્રિયા કરવી, ક્યાં વિસ્તારમાં પેનલ લગાવી શકાય અને એમજીવીસીએલ દ્વારા એનઓસી શા માટે માંગવામાં આવે છે તે અંગે વિગતવાર સમજ અપાઈ હતી.

### સાવલી તાલુકાના ભાદરવા ગામનો બનાવ

# રોડ પર પડેલા મોટા ખાડામાં ટ્રેક્ટર ફસાયું

( પ્રતિનિધિ )વડોદરા,તા.16



સાવલી તાલુકાના ભાદરવા ગામે મુખ્ય માર્ગની બિસ્માર હાલતનો વધુ એક નમૂનો સામે આવ્યો છે. ભાદરવાથી સાવલીને જોડતા મુખ્ય રોડ પર વચ્ચોવચ્ચ પડેલા મસમોટા ખાડામાં ઈંટો ભરેલું ટ્રેક્ટર ખાબકી જતા ફસાઈ ગયું હતું. ઘટનાના પગલે થોડો સમય વાહન વ્યવહાર ખોરવાયો હતો. સદનસીબે ચાલકનો આબાદ બચાવ થયો હતો.

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાનો આ અતિ મહત્વનો માર્ગ છે. ભાદરવા સહિત આસપાસના 10થી વધુ ગામના લોકો સાવલી, વડોદરા અવરજવર માટે આ જ રસ્તાનો ઉપયોગ કરે છે. રોજ ટ્રેક્ટર, ટ્રક, બસ અને ખાનગી વાહનોની મોટી અવરજવર રહે છે. છતાં છેલ્લા ઘણા સમયથી ઠેર ઠેર મસમોટા ખાડા પડી ગયા છે. ચોમાસાના કારણે ખાડા વધુ ઊંડા અને પહોળા થઈ ગયા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, અગાઉ અનેક વખત માર્ગ અને મકાન વિભાગમાં લેખિત-મૌખિક રજૂઆત કરવામાં આવી છે. દર વખતે માત્ર માટી-કપચી નાખી થીગડા મારી દેવામાં આવે છે, જે બે-ચાર દિવસમાં જ ધોવાઈ જાય છે. કાયમી સમારકામ કરવામાં તંત્રને રસ ન હોય તેવો આક્ષેપ ગ્રામજનો કરી રહ્યા છે.


**આઈડીએફસી ફર્સ્ટ બૅંક લિમિટેડ** — IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બૅંક લિમીટેડ સાથે જોડાયેલી)

CIN : L65110TN2014PLC097792

રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧

ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ-૪ (રૂલ ૮[૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બૅંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બૅંક લિમીટેડ સાથે જોડાયેલી)** અધિકૃત અધિકારીએ સિકયુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને તેમને આ ધારાની કલમ ૧૩ (૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૩૦/મે/૨૦૨૬** ના રોજ નોટીસ બજાવીને **દેવાદાર, સહ-દેવાદારો અને જામીનદારો ૧. મીનાબેન કોઠીયા, ૨. દિગ્વીજયસિંહ ચૌહાણ,** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂ.૫,૨૮,૪૭૧.૪૩/- (અંકે રૂપિયા પાંચ લાખ અઠ્ઠાવીસ હજાર ચારસો ઈકોતેર અને તેતાલીસ પૈસા પુરા) તા.૨૬.મે.૨૦૨૬ ના રોજના** આ ડીમાન્ડ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારા કલમ (૧૩) ની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તા.૦૯મી સપ્ટેમ્બર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો **કબજો** સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **આઈડીએફસી ફર્સ્ટ બૅંક લીમીટેડ (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બૅંક લિમીટેડ સાથે જોડાયેલી)** ની રકમ **રૂ.૫,૨૮,૪૭૧.૪૩/- (અંકે રૂપિયા પાંચ લાખ અઠ્ઠાવીસ હજાર ચારસો ઈકોતેર અને તેતાલીસ પૈસા પુરા)** અને તેના ઉપરના વ્યાજને આધિન રહેશે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષિત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાયી મિલકતોનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત જે ગામતળની મિલકત નં.૬૪, એરિયા ૧૩૬૪ ચો.ફુટ, 'મહેલવાળુ ફળીયુ' ગામ.શનોર, તા.ડભોઈ, જી.વડોદરા, ગુજરાત-૩૯૧૧૦૫ ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા :**પૂર્વ તરફ** : સંદિપસિંહ પ્રદિપસિંહ કોઠીયાનું ઘર, **પશ્ચિમ તરફ** : જીતેન્દ્રસિંહ ભરતસિંહ નું ઘર **ઉત્તર તરફ** : રોડ, **દક્ષિણ તરફ** : વાડો આવેલ છે.

તારીખ : ૦૯/૦૯/૨૦૨૬

સ્થળ : ગુજરાત

લોન ખાતા નં.: ૭૮૧૦૬૩૭૬

સહિ/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બૅંક લીમીટેડ
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિ. અને આઈડીએફસી બૅંક લિમીટેડ સાથે જોડાયેલી)



**દક્ષીણ ગુજરાત વીજ કંપની લીમીટેડ** — DGVCL

CINU40102GJ2003SGC042909

ભરૂચ ગ્રામ્ય વિભાગીય કચેરી

મકતમપુર, ઝાડેશ્વર રોડ, ભરૂચ - ૩૯૨૦૧૨

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં :- ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩, ૧૯૧૨૩

**વીજપુરવઠો બંધ રેહવા**

આથી અમારા વાગરા સબ-ડિવિઝનના માનનીય વીજ ગ્રાહકો તેમજ જાહેર જનતાને જણાવવાનું કે નીચે દર્શાવેલ ૬૬ કે.વી. સબ-સ્ટેશનો ખાતે અગત્યની જાળવણી તથા સમારકામની કામગીરી હાથ ધરવામાં આવનાર હોવાથી તેમાંથી વીજ પુરવઠો મેળવતા નીચે દર્શાવેલ ફીડરોના તમામ ગ્રાહકોને દર્શાવેલ તારીખ અને સમય દરમિયાન વીજ પુરવઠો મળી શકશે નહીં. કામગીરી પૂર્ણ થયા બાદ કોઈપણ પ્રકારની આગોતરી જાણ કર્યા વિના વીજ પુરવઠો પુનઃ શરૂ કરવામાં આવશે. તેથી જાહેર જનતાએ આ અંગે ખાસ નોંધ લેવા વિનંતી.

| ક્રમ | સબ સ્ટેશન | ફીડર | સબ-ડીવીઝન | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ/ વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | 11 કેવી સાયખા-૨ | ૧૧ કેવી ન્યૂકેમ, ૧૧ કેવી ધર્મજ, ૧૧ કેવી કસ્તુરી, ૧૧ કેવી પશુપતિ, ૧૧ કેવી કિસાન શક્તિ, ૧૧ કેવી લિંદપ્રકાશ, ૧૧ કેવી હેરાનબા, ૧૧ કેવી ડેલ્ટા, ૧૧ કેવી સાઈ, ૧૧ કેવી રુદ્ર, તથા ૧૧ કેવી નટરાજ ઈંડસ્ટ્રિયલ ફીડર | વાગરા | ૮૯૮૦૮૦૩૯૨૦ | ૧૬-૦૯.-૨૬ / શનિવાર | સવારે ૦૭:૦૦ થી સાંજે ૭:૦૦ |

નોંધઃ સમારકામની કામગીરી દરમિયાન વીજ પુરવઠો નિર્ધારિત સમયગાળા કરતાં વહેલો અથવા મોડો ચાલુ થઈ શકે છે.

સલામતી માટે અપીલ : એમ.સી.બી., ઈ.એલ.સી.બી. તથા આર.સી.સી.બી. જેવા સુરક્ષા ઉપકરણોનો ઉપયોગ કરી વીજ આંચકાથી બચો અને વીજ અકસ્માતો નિવારો.



**Federal Bank** અમદાવાદ ઝોનલ ઓફિસ, ૧૪૦૯, સ્માર્ટ વર્ક્સ, ૧૪મો માળ, વેસ્ટ વિંગ, વિનસ સ્ટ્રેટમ, ઝાંસી કી રાની પાસે, નેહરુનગર, અમદાવાદ, ગુજરાત, ૩૮૦૦૧૫

**સોનાની હરાજી માટેની સૂચના**

ફેડરલ બેંક લિમિટેડ ("બેંક") આથી તમામ સંબંધિતો અને સામાન્ય જનતાને સૂચિત કરે છે કે ગોલ્ડ લોન લેતી વખતે બેંકમાં સોનાના દાગીના/દાગીના/સિક્કા જમા કરાવનારા અને વારંવાર નોટિસ આપવા છતાં લોનની રકમ (ડિફોલ્ટ) ચૂકવતા ન હોય તેવા લોન ખાતાઓ માટે નીચે દર્શાવેલ લોન ખાતાઓ માટે સોનાની વસ્તુઓ "જેમ છે ત્યાં છે" અને "જેમ છે તેમ છે" ના આધારે હરાજી કરવામાં આવશે.

**ડિફોલ્ટ થયેલા લોન ખાતાઓની વિગતો:**

| Sr. No | Borrower's Name | Account No. | No. of jewell./ Coin | Gross Weight | Branch Name |
|---|---|---|---|---|---|
| 1 | NIRBHAY SHUKLA | 26156900000530 | 6 | 11.5 | Ankleshwar |
| 2 | MUKESH NATVARBHAI PRAJAPATI | 18996900001552 | 5 | 11.4 | Nandelav |
| 3 | MUKESH NATVARBHAI PRAJAPATI | 18996900002055 | 21 | 21.5 | Nandelav |
| 4 | JOSHI KETANKUMAR | 18066800024284 | 6 | 31.04 | Vadodara/ Makarpura |
| 5 | BHAVNABEN GIRISHBHAI MISTRY | 18096900004555 | 10 | 114.6 | Vadodara/Sama |
| 6 | BHAVNABEN GIRISHBHAI MISTRY | 18096900004647 | 7 | 16.9 | Vadodara/Sama |
| 7 | BHAVNABEN GIRISHBHAI MISTRY | 18096900004639 | 6 | 82 | Vadodara/Sama |
| 8 | BHAVNABEN GIRISHBHAI MISTRY | 18096900004662 | 2 | 24.9 | Vadodara/Sama |
| 9 | BHAVNABEN GIRISHBHAI MISTRY | 18096900006204 | 7 | 73.6 | Vadodara/Sama |

**૧) હરાજીની વિગતો : હરાજીની તારીખઃ ૨૨/૦૯/૨૦૨૬ સમયઃ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે**

| Venue of Auction | Address |
|---|---|
| Ankleshwar | Ground Floor, Shop No. 7& 8, Shri Ganesh Agency Building, Old NH- 8, TA- Ankleshwar, Bharuch, Gujarat, 393001 |
| Nandelav | Ground Floor, Abhishek Colony, Dehej Bypass Road, Nandelav, Bharuch, Gujrat, Bharuch, Gujarat, 392001 |
| Vadodara/ Makarpura | Ground Floor, Parth Avenue, Oppp.Ruturaj Complex, Manjalpur, Vadodara, Gujarat, Vadodara, Gujarat, 390011 |
| Vadodara/Sama | Ground Floor, Vismay Complex, Near GIPCL Circle, Sama Road, Vadodara, Gujarat, Vadodara, Gujarat, 390008 |

**રિઝર્વ કિંમતઃ** મંજૂર મૂલ્યકાર દ્વારા નક્કી કરાયેલ, હરાજી સમયે ઉપલબ્ધ.

૨) બોલી લગાવનારાઓએ હરાજી સ્થળ પર તેમનું માન્ય ઓળખ કાર્ડ/પાન કાર્ડ સાથે રાખવું પડશે.

૩) આ જાહેર હરાજી સંબંધિત નિયમો અને શરતો ("T&CS") બોલી લગાવનારાઓ દ્વારા **https://www.federal.bank.in/gold-loan-tnc-froauction** દ્વારા ઍક્સેસ કરી શકાય છે. બોલી લગાવનારાઓ દ્વારા બોલી લગાવવાને ઉપરોક્ત શરતો અને શરતોની સ્વીકૃતિ માનવામાં આવશે.

૪) જો હરાજી દ્વારા પ્રાપ્ત રકમના સમાયોજન પછી પણ બેંકની જવાબદારીઓ બાકી રહે છે, તો બાકીની બાકી રકમ વસૂલવા માટે દેવાદારો સામે જરૂરી કાનૂની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

૫) જો દેવાદારનું મૃત્યુ થયું હોય, તો આ હરાજીની સૂચના દેવાદારના કાનૂની વારસદારોને લાગુ પડશે.

૬) સફળ બોલી લગાવનાર વ્યક્તિએ હરાજીના દિવસે જ સંપૂર્ણ ચુકવણી (એટલે કે વિજેતા બોલીની રકમના ૧૦૦% વત્તા લાગુ પડતા જીએસટી અને અન્ય કર/ચાર્જ) કરવાની રહેશે. જોકે, અપવાદરૂપ કિસ્સાઓમાં ફેડરલ બેંક પોતાની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી આગામી કાર્યકારી દિવસ સુધી ચુકવણી મુલતવી રાખવાની પરવાનગી આપી શકે છે.

૭) સફળ બોલી લગાવનાર વ્યક્તિ હરાજીની તારીખથી ૨ દિવસની અંદર સોનાના ઝવેરાત/સિક્કા/ની ડિલિવરી લેશે.

૮) બોલી સ્વીકારવા અંગે બેંકનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે. બેંકને દેવાદારોને પૂર્વ સૂચના આપ્યા વિના હરાજી રદ કરવાનો અધિકાર છે.

**વધુ માહિતી માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ નીચે ફેડરલ બેંક શાખાઓ**

**ફેડરલ બેંક અમદાવાદ ઝોનલ ઓફિસ, ૧૪૦૯, સ્માર્ટ વર્ક્સ, ૧૪મો માળ, વેસ્ટ વિંગ, વિનસ સ્ટ્રેટમ, ઝાંસી કી રાની પાસે, નેહરુનગર, અમદાવાદ, ગુજરાત, ૩૮૦૦૧૫** Phone- 079-43544431